# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૧-૦૮-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## આરોગ્ય મંત્રી અને પ્રભારી મંત્રી-દયાપર મુલાકાત:

જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસની પરિસ્થિતિને પગલે આજે ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ અને પ્રભારીમંત્રીશ્રી પ્રફૂલ પાનશેરિયાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર દયાપરની મુલાકાત લઈને ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓની સમીક્ષા કરી હતી.

આરોગ્ય મંત્રીએ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી રવિન્દ્ર ફૂલમાલી પાસેથી વિગતો મેળવીને પરિસ્થિતિ મુજબ સ્ક્રીનીંગ અને ટેસ્ટ કરવા સૂચના આપી હતી. આરોગ્ય મંત્રીએ દયાપર સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દાખલ દર્દીઓના હાલચાલ પૂછીને રાજ્ય સરકાર નાગરિકોના સ્વાસ્થ્ય અંગે ચિંતા કરીને તમામ પગલા લઈ રહી હોવાનો દર્દીઓને વિશ્વાસ અપાવ્યો હતો.

- (RNU અમદાવાદ)

---

## બેખડા ગામની મુલાકાતે આરોગ્ય મંત્રી અને પ્રભારી મંત્રી:

ત્યારબાદ આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ લખપત તાલુકાના બેખડા ગામની મુલાકાત લીધી હતી. અને ગામના સરપંચ રમઝાન ઓઝાત અને જત સમુદાય અગ્રણી ઝકરીયા હાજી નુર મોહમ્મદ તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરીને આરોગ્યની પ્રવર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈને સાંત્વના પાઠવી હતી. અને જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ દુ:ખની ઘડીમાં તેમની સાથે ઊભી છે. બીમારીનું મૂળ કારણ શોધી, કોઈ જ નાગરિકે જીવ ગુમાવવા ન પડે એ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે તેમ વિશ્વાસ સાથે જણાવ્યું હતું. પ્રભારીમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ ગ્રામજનોને સરકારની આરોગ્ય ટીમને સહકાર આપી શરદી, ઉધરસ, તાવ કે નબળાઈ જેવા કોઈપણ લક્ષણો દેખાય તો તાત્કાલિક નજીકના સરકારી દવાખાનાનો સંપર્ક કરીને પૂરતી સારવાર લેવા અનુરોધ કર્યો હતો.

- (માહિતીખાતું, ભુજ)

---

## લખપત અને અબડાસામાં શંકાસ્પદ તાવના કેસ-સમીક્ષા બેઠક:

જીલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસને લઈને જિલ્લા વહીવટીતંત્ર તેમજ આરોગ્ય વિભાગની તૈયારીઓની સમીક્ષા માટે ભુજ ખાતે પહોંચેલા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ પાસેથી પ્રવર્તમાન સ્થિતિની પ્રાથમિક વિગતો મેળવી હતી. આરોગ્ય મંત્રી સાથે આવેલા પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયાએ આરોગ્ય વિભાગ દ્વારા લેવામા આવેલા પગલાઓ વિશે જાણકારી મેળવી હતી અને વહીવટીતંત્રને રોગ અટકાયતી પગલાં લેવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આજે પત્રકાર પરિષદમાં માહિતી આપતા આરોગ્ય મંત્રીએ જણાવ્યું કે 3જી સપ્ટેમ્બરથી અત્યાર સુધી આ વિસ્તારમાં નોંધાયેલા મરણ પૈકી 5 હાર્ટએટેક , અને કેન્સર સ્ટ્રોકના લીધે થયેલ છે જ્યારે 11 મૃત્યુ ફ્લુ અને તેનાથી થતા ન્યુમોનિયા અને અન્ય કોમ્પ્લિકેશનના કારણે થયા છે. આ અંગે આરોગ્ય તંત્ર દ્વારા કુલ 45 ટીમ દ્વારા આ વિસ્તારના 22 ગામમાં 2 હજાર 234 લોકોનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે . જે પૈકી 48 જેટલા તાવના કેસ સામે આવતા તેમને જરૂરી સારવાર આપવામાં આવેલી છે. અસરગ્રસ્ત 7 ગામની આજુબાજુના 10 કિલોમીટર ત્રિજ્યામાં આવતા ગામોમાં આર .બી.એસ.કે. ટીમ દ્વારા સરવેલન્સ કરવામાંઆવી રહ્યું છે. અને 108ને ત્યાં તૈનાત કરવામાં આવી છે. અદાણી હોસ્પિટલ ખાતે 100 બેડ આઇશોલેશનની વ્યવસ્થા ઉભી કરાઇ છે. જેમાં 30 વેન્ટિલેટર/બાઈપેપ અન્ય હોસ્પીટલથી જરૂરીયાત મુજબ ખસેડવામાં આવશે. અસરગ્રસ્ત સાત ગામોના દર્દીઓને ભુજની અદાણી હોસ્પિટલમાં વિનામુલ્યે સારવાર આપવામાં આવશે.

હાલમાં અન્ય જીલ્લામાંથી 10 MBBS ડોક્ટરની ટીમ દવા અને વાહન સાથે ફાળવવામાં આવી છે અને વધારાની 40 ટીમો પણ મુકવામાં આવશે. યુએન મહેતા હાર્ટ ઇન્સ્ટિટ્યુટ, અમદાવાદમાંથી કાર્ડિયોલોજીસ્ટને ભુજ અદાણી મેડિકલ કોલેજ ખાતે ડેપ્યુટેશન પર મુકવામાં આવનાર છે. અસરગ્રસત વિસ્તારમાં તાવના દર્દીના સેમ્પલ પુના લેબોરેટરી સાથે GBRC ખાતે પણ તપાસણી અર્થે મોકલવામાં આવ્યા છે. આરોગ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું કે જો કોઇને તાવ આવે તો તેની તાત્કાલિક નજીકની સારકારી આરોગ્ય કેન્દ્રમાં સારવાર કરાવી લેવી જોઇએ આ અંગે કોઇપણ બેદરકારી દાખવવી જોઇએ નહી.

વધુ માહિતી આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું હતું...

(બાઈટ- આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ)

- (પરેશ મારુ)

---